2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૧૬

વર્ષ - ૩ ● અંક -૧૦૪ ● સળંગ અંક - ૭૩૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

રાયણના નિખિલ (રાજુ) મહેન્દ્ર શાહ (ગડા) ઉ.વ. ૪૫, તા. ૫-૧૦-૨૦૨૦ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. ચંચળબેન જેવત ભુલાના પૌત્ર. પ્રમીલા મહેન્દ્રના પુત્ર. નિપાના પતિ. હેરીન, જેસિકાના પિતા. જીનીના નાના ભાઈ. આર્યના મામા. પ્રવિણ જેવતના ભત્રીજા. બિદડાના સાકરબાઈ કુંવરજીના દોહીત્રા. રસીલા મનસુખ, કારાઘોઘાના કસ્તુર વશનજી, નાંગલપુરના જ્યોતિ હેમચંદના ભત્રીજા. કેતુલ, બિદડાના સંદિપ, દેશલપુરના મનિષા, કુંજલ, તલવાણાના પ્રીતી, રામાણીયાના પલકના ભાઈ. ડોણના જેઠાલાલ હીરજી સાવલાના પૌત્રીવર. તારાબેન નવિનચંદ્રના જમાઈ. રચના વિનય, કપાયાના રૂપલ મનિષના બનેવી. ડોણના મણી દિલીપ, પ્રજ્ઞા સુરેન્દ્ર, પારૂલ હેમંત, ગોધરાના પ્રતિભા જયેશ, ટોડાના ગીતા મહેશના ભત્રીજી વર. લાયજાના રતનબેન રામજીના દોહીત્રી વર. ચંદન હરખચંદ, સુરેખા પરેશ, મેરાવાના પ્રતિભા પંકજના ભાણેજ વર. આરૂષી, હવીરના કુઆ. હેતવીના માસા. અંકિત, રૂષભ, પરાગ, અંકુર, નિશીત, હેતિકા, પ્રતિક, દર્શીલ, મોનીલના બનેવી. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી ન લેવા નમ્ર વિનંતી છે. નિવાસ : નિપા શાહ, રૂમ ૩૬-૩૭, રામ નિવાસ, ડો. આંબેડકર રોડ, પરેલ, મુંબઈ-૧૨. મો. ૯૮૬૯૨૮૮૪૮૪, ૭૦૨૧૬૪૧૩૬૧ (જીની), ૯૮૬૯૪૨૭૪૨૩ (વિનય).

4/1/1 -------- (1-1)

દેશલપુર (કંઠી)ના માતુશ્રી લીલાવંતીબેન હેમચંદ દામજી ગાલા ઉ. વ. ૭૨, તા. ૫-૧૦-૨૦ના રોજ ૪૭ માં ઉપવાસે અનશન વ્રતની આરાધના પુર્ણ કરેલ છે. માતુશ્રી જેવુબાઈ દામજી નેણશીના પુત્રવધુ. હેમચંદના ધર્મપત્ની. ભાવના, લીતેશના માતુશ્રી. સાડાઉના વિરેન રમણીકલાલ, રશ્મિના સાસુ. પાર્થના દાદી. નિધિ, કિશાના નાની. ભાનુબેન, નવિનચંદ્રના ભાભી. રંજનના જેઠાણી. નાની ખાખરના પોપટલાલ રણશીના સાળાવેલી. સેજલ, નીરાલીના કાકી. નવીનારના મેહુલ ધનજીના કાકી સાસુ. ભારતી, વીજયના મામી. બારોઈના પ્રફુલ હીરજી, શોભનાના મામી સાસુ. મોટી ખાખરના દેવકાબેન ધારશી મોનજીના સુપુત્રી. લક્ષ્મીચંદ, ગેલડાના હીરબાઈ પ્રેમજી, બેરાજાના ચંચળબેન પોપટલાલ, દેશલપુરના શાંતાબેન રમણીકલાલ, ગેલડાના હેમલતાબેન લક્ષ્મીચંદના બેન. ચંદ્રલતાના નણંદ. મોટીખાખરના કેસરબેન ઉમરશી, દેશલપુર (કંઠી)ના મોંઘીબેન લાલજી નેણશીના ભત્રીજા વહુ. સાડાઉના હેમલતાબેન રમણીકલાલ લીલાધર, લુણીના દમયંતીબેન મનસુખલાલ રતનશીના વેવાણ. **ગુણાનુવાદ સભા રાખેલ નથી.** નિ. લિતેશ હેમચંદ ગાલા, ૧/૪, સારસ્વત સદન, કે.ઈ.એમ.હોસ્પીટલ રોડ, પરેલ, મું. ૧૨. ફોન આવકાર્ય. લિતેશ-૯૮૨૧૫૬૪૩૧૯, નવિન-૯૮૨૦૬૮૯૭૭૨, ભાવના-૯૬૧૯૪૫૦૦૫૫.

4/1/1 -------- (1-2)

પત્રી/સમાઘોઘાના ઝવેરબેન ભાણજી રાંભીયા ઉ.વ. ૭૮, તા. ૫-૧૦-૨૦ના ટુંકી માંદગીથી (બ્રેઈન હેમરેજ) અવસાન પામેલ છે. પત્રીના પુરબાઈ ભીમશી મોણશી દેઢીયાના પુત્રવધુ. સ્વ વલ્લભજીના પત્ની. વશનજી, પ્રેમજી, નાનજીના ભાઈના પત્ની. લાછબાઈ, કાંતાબેનના દેરાણી. વાંકીના નાનબાઈ નાનજી (બાબુભાઈ) ગાલા, સમાઘોઘાના ચંપાબેન (ઝવેરબેન) દામજી ગંગરના ભાભી. પત્રીના રમણીક, અનિલ, ગીરીશ અને લલિતના કાકી. સમાઘોઘા (ગુંદાલા)ના પુરબાઈ ભાણજી રાંભીયાની પુત્રી. લાખાપરના પ્રભાબેન લક્ષ્મીચંદના બહેન. લક્ષ્મીચંદ વેલજીના સાલી. સમાઘોઘાના પ્રેમજી વેલજી સાવલા, દેશલપુર હાંસબાઈ ઉમરશી, ભુજપુર દેવકાબેન કોરશી, પ્રાગપુર મેઘબાઈ વીરજીના ભાણેજી. સમાઘોઘાના પુષ્પાબેન પ્રભુલાલના નણંદ. કાંડાગરાના લક્ષ્મીબેન રવજી છેડા, પ્રાગપુરના માધુરી (પ્રભા) જયંતીલાલના કુ. બેન. લાખાપુરના દિપક, સંજીવના માસી. ભારતી, હીનાના મા. સાસુ. **પ્રાર્થના રાખેલ નથી.** ફોન, SMS વોટસએપ આવકાર્ય. સદ્‌ગતની આત્મા પંચમગતિ તરફ આગળ વધે એ જ અભ્યર્થના. ઠે. લક્ષ્મીચંદ વેલજી મારૂ, ૪/૨૧-૨૨, મીરા શ્યામ, ગૌશાળા રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૮૦. ફોન : ગીરીશ દેઢીયા-૯૮૨૧૩૦૧૧૫૫, દિપક/સંજીવ મારૂ-૯૮૨૦૦૫૯૪૯૩/૫.

4/1/1 -------- (1-3)

મુંદ્રાના નિર્મળાબેન હરીલાલ શાહ (મોતા) ઉ.વ. ૮૨ મોક્ષમાર્ગની આદરેલ યાત્રાના ૩૮ ઉપવાસે સોમવારના તા. ૫ ના સમાધિપૂર્વક પ્રભુના ચરણમાં મોક્ષગામી થયા છે. સ્વ. હરીલાલ જખુભાઈના ધર્મપત્ની. મીના, સ્વ. નીતીન, સ્વ. નીનાના માતુશ્રી. હીના, પત્રીના લક્ષ્મીચંદ ગાંગજી, કારાઘોઘાના સંદિપ લાલજીના સાસુજી. ઝવેરબેન રતનશી, કેસરબેન પોપટભાઈના ભત્રીજા વહુ. જયાબેન કાંતીલાલના દેરાણી. પ્રેમાબેન મનસુખના જેઠાણી. બેરાજા નિર્મળાબેન દામજી ગોસરના ભાભી. પાહીની-સુશીલ પ્રતિકના દાદી. રચના-પિયુષ, સમીર-ગ્રીષ્મા, પાર્થના નાની. લાખાપુરના પ્રેમજી નાંગશી (પંજાબ)ના દિકરી. રતાડીયા (ગ.)ના કેશવ હંસરાજના દોહીત્રી. નાંગશી કુરપારના પૌત્રી. જયાબેન મોહનલાલ, તારાબેન શાંતીલાલ, વૈજયંતી કમલકાંત, સુભાષ, બેરાજા સુશીલાબેન હરખચંદ, નવાવાસ હેમલતા જયંત, ભુજપુર ઉર્મિલા બીપીનના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. (હાલની કોરોના મહામારીના સંજોગોને અનુલક્ષીને કોઈએ ઘરે આવવાની તસ્દી લેવી નહીં. આત્મશ્રેયાર્થે ૩ નવકાર ગણવા. એડ્રેસ : લક્ષ્મીચંદ ગાંગજી ઘરોડ, ૫, હરેશ મહેશ ભવન, તુલસી પાઈપ રોડ, પીતાંબર લેન, કેનેરા બેંકની સામે, માહીમ (વે.), મુંબઈ-૧૬. મીના-૯૯૩૦૬૦૨૫૭૮.

4/1/1 -------- (1-4)

ગુંદાલાના ગં.સ્વ. શાંતાબેન જાદવજી સત્રા ઉ.વ. ૮૩, તા. ૬-૧૦-૨૦૨૦ના અવસાન પામેલ છે. સ્વ. જાદવજી રતનશીના ધર્મપત્ની. સ્વ. રાજબાઈ રતનશીના પુત્રવધુ. સ્વ. ચંદ્રિકાના માતુશ્રી. પત્રીના દિનેશ નાનજી છેડાના સાસુજી. ચૈતાલી, મોનીના નાનીમા. અંકિતાના નાની સાસુ. હિયા, હિયાતીના મોટા નાની. ગુંદાલાના વેલબાઈ લાલજી દેઢિઆના સુપુત્રી. લખમશી, હીરજી, વાંકીના લક્ષ્મીબેન લક્ષ્મીચંદ, નવીનારના નિર્મળાબેન શશીકાંતના બેન. પત્રીના મણીબેન નાનજી ચાંપશીના વેવાણ. ના. ભાડિઆના દિવ્યાબેન છોટાલાલ કલ્યાણજીના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. દિનેશ છેડા, એ-૪૦૧, માતોશ્રી રેસીડન્સી, પ્રાર્થના સમાજ રોડ, વિલેપાર્લે (ઈ.) મુંબઈ-૫૭. મો.: ૯૮૧૯૨૫૯૯૨૦, ૯૯૮૭૪૨૪૪૫૭.

2/1/1 -------- (1-5)

સાડાઉના માતુશ્રી મણીબેન જગશી (શામજી) ગાલા - ઉ.વ. ૮૪, ટુંકી માંદગીથી તા. ૭/૧૦ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઈ નરશીના પુત્રવધુ. જગશીના ધર્મપત્ની. સ્વ. વિનોદ, કલ્પના, રમેશના માતુશ્રી. બગડાના પરેશ ભવાનજી (ઝંડુભાઈ), પ્રિયા (પવિત્રા)ના સાસુ. પલકના દાદી. રાજુલ, ડો. ફેનીલના નાની. રતાડીયા (ગ.)ના રાહુલ મોરારજી, પ્રિયાના નાની સાસુ. સાન્વીના મોટા નાની. લાછબાઈ મઠુ સોજપારના ભત્રીજા વહુ. ટોડાના હાંસબાઈ ભુલાના દોહિત્રવહુ. ગુંદાલાના દેવકાંબેન જખુના ભાણેજ વહુ. વિમળાબેન લક્ષ્મીચંદના મામાણ ભોજાઈ. વડાલાના જેઠીબાઈ રવજી દેસરના પુત્રી. કુંવરજી, નાનજી, દામજી, સુંદરબેન દામજી, બગડાના સોનબાઈ લાલજી, સાડાઉના કેસરબેન સુકેતુના બેન. ઝવેરબેન, જયાબેનના નણંદ. ભવાનજી વીરજી, ખીમજી ગાંગજીના કાકાઈ બેન. ગુંદાલાના રામજી ખીંશીના દોહિત્રી. બગડાના પુરબાઈ ભવાનજી (ઝંડુભાઈ), કોડાયના નેણબાઈ વલ્લભજી લાલનના વેવાણ. વડાલાના ડો. હિના તલકશી, કાંડાગરાના દર્પણ ઝવેરચંદના માતૃતુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. રમેશ ગાલા : ૨૦૨, પ્રેમ આંગન, વાકોલા પાઈપલાઈન રોડ, અશોકનગર, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૫. રમેશ : ૯૦૨૯૩૩૫૪૫૪, કલ્પના : ૮૭૭૯૩૨૫૭૬૯, પ્રિયા : ૯૨૨૩૮૭૭૮૦૨.

2/1/1 -------- (1-6)

।। નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ।।
માનવતા ગ્રુપ-ડોંબીવલી : ૯૨૨૩૫૩૭૫૧૭/ ૯૮૨૦૫૧૫૬૬૫/૯૦૨૨૮૭૫૫૬૫

બિદડાના (ખાખરીયો ફરીયો) માતુશ્રી રૂક્ષ્મણીબેન (રાણબાઈ) જીવરાજ ગોગરી (ઉ.વ. ૮૬) તા. ૬-૧૦-૨૦૨૦ના ટુંકી માંદગીથી (કોરોના) અવસાન પામેલ છે. જીવરાજ મુરજીના ધર્મપત્ની. માતુશ્રી ભાગબાઈ મુરજી રતનશીના પુત્રવધુ. બિદડાના માતુશ્રી રતનબેન કુરપાર પેથા વોરાના દિકરી. સુશીલા, દિનેશ, મધુરી, વિમળા, સુરેશના માતુશ્રી. સરલા, ભારતી, તલવાણાના હરીલાલ જેઠાલાલ પોલડીયા, સાડાઉના દિનેશ કેશવજી દેઢીયા, બિદડાના શાંતિલાલ નાનજી શાહના સાસુજી. મિતુલ, ધ્વની, મોનીલ, રોમીલના દાદીમા. ફોરમ મિતુલ, શ્રધ્ધા મોનીલ, બિદડાના જય સુરેશ છેડાના મોટા સાસુ. રાશી, કિયાન, વિહાન, જીયાંશના પરદાદી. નયન, અંકિત, ફાલ્ગુની, વૈશાખી, જિગ્ના, ભાવિકા, ચૈતાલી, પ્રિયલના નાનીમા.નિહારીકા, ફોરમ, રાજીવ, વિપુલ, મિતેશ, સચીન, ચિંતન, સુકેતુના નાનીમા સાસુ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. દિનેશ ગોગરી, ૧૩૦૧, રાજયોગ રેસીડન્સી, ડો.આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦. (૧) સરલાબેન-૯૮૩૩૦૯૯૦૧૦ (૨) મિતુલ-૯૮૨૧૧૬૩૩૫૩.

4/1/1 -------- (1-7)

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

તા. ૮ ઓક્ટોબર માટે શ્રીમતી રીના રોહીત ધનાણી (બેરાજા)નાં જન્મદિન નિમિત્તે એમના તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથી કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા રૂા. ૧૧૦૦૦ (એક સાથે- એક જ વખત) ૧૫ વર્ષીય યોજનામાં જોડાઈને આયકર કલમમાં રાહત મેળવો. લિ. મંત્રીઓ.

2/1/1(14) -------- (A-0245)(1-8)

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
દાનની સખત જરૂર

હાલમાં સમગ્ર દેશમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન હોવાથી સંસ્થાને મળતી દાનની રકમમાં સતત નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. આ માટે સંસ્થા અડીખમ બનીને ઉભી રહે તે માટે સંસ્થાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા નમ્ર વિનંતી. સંપર્ક : ૭૦૪૫૪૩૫૫૪૫. લિ. મંત્રીઓ.

2/1/1(17) -------- (A-0250)(1-9)

લોનાવાલા

રોજિંદા ભાડાથી ૩ બેડરૂમ, હોલ, કિચનનો લક્ઝુરીયસ બંગલો, સ્વીમીંગ પુલ, એ.સી., ફ્રીજ, ટીવી, ગેસ, વાસણો, કેરટેકર સાથે. જુઓ વેબસાઈટ : Lonavalastay.yolasite.com (MTDC Approved) સંપર્ક : રાજેશ શાહ-9820334345, 9702668800.

4/1/1(4) -------- (B-0233)(1-10)

જીવદયા અનુદાન

શ્રી પદમપર જીવદયા કેન્દ્ર આભાર માને છે

જીવદયાપ્રેમીઓ તરફથી નિભાવ માટે મળેલ દાન. ૧૧૦૦૦ કનકભાઈના આત્મા શ્રેયાર્થે હા. નાનાલાલ ભાણજી કુબડીયા, ૧૦૦૦૦ શ્રી વર્ધમાન સ્થાનક શ્રાવક સંઘ માટુંગા, ૫૭૫૦ લીઓ પ્રોપાઈટી ધનસોલી, ૫૦૦૦ શ્રી કરસન રવજી હા. બાબુભાઈ લાકડીયા, ૫૦૦૦ જયશ્રીબેન નીતીન તેજપાલ આધોઈ-ઘાટકોપર, ૩૦૦૦ શ્રી વર્ષાબેન રાજેશ કુબડીયા-લાકડીયા, ૩૯૦૦ શ્રીજી સુઝ ડોંબીવલી, ૪૧૦૦ નેક સ્ટેપ ડોંબીવલી, ૨૫૦૦ સતીષ નાનજી ગાલા લાકડીયા અંધેરી, ૨૫૦૦ જાગૃતિબેન કલ્પેશ લાકડીયા અંધેરી, ૨૫૦૦ કાર્તીકાબેન પંકજભાઈ લાકડીયા અંધેરી, ૨૫૦૦ જાગૃતિબેન રૂષભ લાકડીયા અંધેરી, ૨૫૦૦ નેહાબેન અમીતભાઈ લાકડીયા અંધેરી, બોસમી નીખીલભાઈ લાકડીયા અંધ.રી, ૨૦૦૦ ખુશબુ વૈભવભાઈ લાકડીયા અંધેરી, ૨૦૦૦ ચૈતાલીબેન સાગરભાઈ લાકડીયા અંધેરી, ૨૦૦૦ મૈત્રીબેન રોમીલ લાકડીયા અંધેરી. દાન માટે દામજીભાઈ-૯૯૨૦૩૩૮૧૨૦.

4/1/1(2) -------- **(A-0182)(2-1)**

શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે
સ્થાનીકે આવેલ ઘાસચારાની યાદી-૮

૧૪૨ મણ ચારીઓ-હીરબાઈ ધનજી ગોસલીયા-માધાપર, ૨૪૧ મણ કોબી- લીલબાઈ પ્રેમજી ગોસલીયા-માધાપર.૧૦૦ મણ મકાઈ-જટુભા ખાનુભાજાડેજા-દેશલપુરકંઠી ૧૪૮ મણ જુવાર-વાલબાઈ લાલજી પીડોરીયા. ૧૬૪ મણ મકાઈ- રમેશ અને લાલજી નારાણ દેવજી સામત્રા-લંડન. ૧૯૯ મણ મકાઈ- સોની પ્રભુદાસ ખેતશી-ભુજ. ૧૬૯ મણ બાજરો-મુરજી હીરજી કારા-નાગલપુર. જુવારબાચકો-કબુતર માટે - ધનબાઈ ધનરાજ સાખરા-ભુજપુર. ૧૯૫ + ૧૬૫ મણ મકાઈ-નવીન મનજીભાઈ સાઈયા ભુજ. ૨૩૨ મણ ચારીઓ- પ્રેમજી કાનજી કેરાઈ-માધાપર. ૧૦૮ મણ ચારીયો-મુરજી હીરજી કારા-નાગલપુર, ૨૨૫ મણ ચારીઓ- શ્રી કાંઠડા ગૌશાળા સમિતિ-કાંઠળા સં. મનસુખ પ્રેમજી દેઢીયા - ૯૩૨૩૦૭૦૧૭૮. લી. મંત્રીઓ.

2/1/1(12) -------- **(A-0243)(2-2)**

શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે
સ્થાનીકે આવેલ ઘાસચારાની યાદી -૭

૧૦૦ મણ મકાઈ- સ્વ. દાહિબાઈ નાનજી સોલંકી-ભુજપુર, ૧૬૦ મણ મકાઈ -હીરબાઈ ધનજી ગોસરીયા-માધપર, ૧૦૦ મણ મકાઈ-પૂ.સા. શ્રી તત્વગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરી -૫૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે... શ્રીમતી સુરેખાબેન ભરતભાઈ દેઢીયા-ભુજપુર. ૧૪૧ મણ કોબી - શ્રી સ્વામીનારાયણ મંદિર - ભુજ હ. હંશાબેન અરવિંદભાઈ, ૧૨૫ મણ ચારીઓ-શ્રીરામ મીઢાણી-ઝરપરા. ૧૫૮ મણ કોબી-રમેશભાઈ કાનજી કેરાઈ-નારાણપર. ૧૬૨ મણ કોબી - કરશન નારાણ છબાડીયા- પીયાવા. ૨૨૦ મણ કોબી- વીરબાઈ કરશન છબાડીયા-મો.આસંબીયા. ૧૪૫ મણ કોબી-કરશન નારાણ છબાડીયા-પીયાવા. ૧૧૧ મણ ચારીઓ-કેવલ અને ખ્યાતી- ભારાપર. ૧૪૪ મણ ચારીઓ-દેવદાસ નાગશી ગાઝીયા-ભુજપુર. ૧૫૪ મણ મકાઈ-વાલબાઈ શીવજી કેરાઈ- માધાપર. લી. મંત્રીઓ.

2/1/1(11) -------- **(A-0242)(2-3)**



શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે
સ્થાનીકે આવેલ ઘાસચારાની યાદી -૯

૧૩૪ મણ ચારીઓ-મુરજી હીરજી કારા-નાગલપુર. ૨૬૩ મણ મકાઈ- ઠક્કર નવીનભાઈ મનજી-ભુજ. ૨૫૪ મણ ચારીઓ- મુરજી હીરજી કારા-નાગલપુર. ૩૦૮ મણ ચારીઓ- મુરજી હીરજી કારા-નાગલપુર. ૨૩૨ મણ મકાઈ-નવીન મનજી ઠક્કર-નાગલપુર. ૧૪૯ મણ ચારીઓ-મુરજી હીરજી કાનાણી - નાગલપુર. ૧૪૫ મણ ચારીઓ-કાંતિલાલ પરબત વસાણી-માધાપર. ૧૪૩ મણ ચારીયો-મુરજી હીરજી કારા-નાગલપુર. ૧૪૭ મણ મકાઈ. શ્રી રૂપીત એન્ટર પ્રાઈઝ- રામપર વેકરા. ૧૬૮ મણ - મુરજી હીરજી કારા-નાગલપુર. ૧૩૩ મણ ચારીઓ-શ્રી સ્વામી નારાયણ મંદિર-યુવક મંડળ-નારાણપર. ૧૨૬ મણ મકાઈ- શ્રીમતી રતનબેન ભોજાણી મેઘાણી-લંડન. ૩૯૦ મણ ચારીઓ-મુરજી હીરજી કારા પરિવાર-નાગલપુર. લી. મંત્રીઓ.

2/1/1(13) -------- **(A-0244)(2-4)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ ૨૮૬૨૭૭૬૫

કચ્છની તમામ પાંજરાપોળને નમ્ર વિનંતી.

દરેક પાંજરાપોળના ટ્રસ્ટીઓ અને અધિકારીઓને વિનંતી છે કે પશુ સારવાર માટે વેટરનરી ઓફિસર, LI, DVSC પોતાની પાંજરાપોળ કે ગૌશાળામાં રાખવા જેથી આજુબાજુના ગામડાઓના પશુઓની સારવાર ત્યાં થઈ શકે. લિ. ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને કારોબારી સભ્યો.

2/1/1(2) -------- **(A-0252)(2-5)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ ૨૮૬૨૭૭૬૫

૫૦૦૦/- સુનીલ વિનોદ કેનીયા ઘાટકોપર-બારોઈ.

• ૨૫૦૦/- કેસરબેન દામજી કેનીયા ઘાટકોપર-બારોઈ, ૨૫૦૦/- હીતેશ ખુશાલચંદ હરીયા ભાતબજાર-હાલાપર ૨૫૦૦/- નીતીન દામજી કેનીયા ઘાટકોપર-બારોઈ, ૨૫૦૦/- જયંતીલાલ રતનશી ગાલા કુર્લા-વડાલા, ૧૫૦૦/- તરૂણા અનીલ છેડા બાંદ્રા-ભુજપુર, ૧૧૦૦/- કિરણ ચુનીલાલ દેઢીયા નળબજાર-બિદડા, ૧૧૦૦/- હર્ષા પ્રશાંત ગાલા મલાડ-કપાયા, ૧૧૦૦/- પ્રશાંત કાંતીલાલ ગાલા મલાડ-કપાયા, ૧૧૦૦/- જયેશ કીરીટકુમાર રાંભીયા માટુંગા-ભાડીયા, ૧૦૦૦/- રેશમ કાંતીલાલ ગડા થાણા-રતાડીયા, ૧૦૦૦/- કાવ્ય સંદીપ રાંભીયા ભુલેશ્વર-ગુંદાલા, ૧૦૦૦/- કલ્યાણજી હીરજી સાવલા ભાંડુપ-લાયજા. લિ. ગીરીશકુમાર કટારીયા-સુરત, જય નવિન વોરા-બિદડા.

4/1/1(18) -------- **(A-0251)(2-6)**

'ફ્રીજ-વોશીંગ મશીન-માઈક્રોવેવ'

દરેક પ્રકારના ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ, ફંટલોડ, IFB, SIEMENS રીપેરીંગ માટે સંપર્ક : સચીન છેડા (બિદડા) મો. ૯૮૬૯૧૨૬૩૮૧, ૯૩૨૦૯૮૨૧૨૩. વિઝીટ ચાર્જ-૩૦૦/-.

4/1/1(6) -------- **(B-0228)(2-7)**

અનિલભાઈ પુરીવાળા

મુખવાસમાં (૪૯) વેરાયટી, ક્યારેય ખાધા ન હોય તેવા કેળાના પતલા ટેસ્ટી, સીલ્કી વેફર, કાંકરેજ ગાયનુ ઘી મળશે. કાંકરેજ ગાયના ઘીમાંથી બનાવેલ ખાખરા, રોસ્ટેડ નાસ્તા. અમુલ બટરમાંથી બનાવેલ ખાખરા. હોલસેલ ભાવમાં પણ મળશે. 9820386895, 7208627871.

2/1/1(10) -------- **(B-0241)(2-8)**

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

ભુજપુર ગામવાસીઓ

ભુજપુરમાં આપની ખેતીવાડી છે..?
સરકાર તરફથી કૃષિ સહાય યોજના

આ વર્ષે કચ્છમાં ઘણોજ વરસાદ થયો છે, અતિવૃષ્ટિના કારણે સરકાર તરફથી કૃષિ સહાય યોજના શરૂ કરવામાં આવેલ છે. જેમની ભુજપુર માં ૨, હેક્ટર એટલે ૫ એકર જમીન હોય એમને સરકાર તરફથી રૂા.૨૦,૦૦૦ ની અને એનાથી ઓછી જમીન હશે તો એમને રૂા. ૧૦,૦૦૦ / ૫,૦૦૦ ની સહાય મળશે.

આપની ભુજપુરમાં જમીન હોય તો ત્રણ ડોક્યુમેન્ટ જેમાં (૧) ૭-૧૨નો ઓતારાની જેરોક્સ (૨) આધાર કાર્ડની જેરોક્સ (૩) બેંકનો કેન્સલ ચેક અથવા પાસબુકની જેરોક્સ આ ત્રણ ડોક્યુમેન્ટ નીચેના ઇમેલ ઉપર મોકલી આપશો.

આપને જે પણ રકમ મળે એમાથી આપ સ્વેચ્છાએ માતબર રકમનું અનુદાન ભુજપુર પાંગળાપોળને આપશો. જેથી ગાય માતાના આશીર્વાદ પણ મળશે.

E-mail - ramanshethia@gmail.com
Whatup no. - 9372971397

વધુ વિગત માટે સંપર્ક : સમય સવારના ૧૧ થી ૧, સાંજના ૫ થી ૮
રમણ શેઠિયા ૯૮૧૯૭૨૩૬૬૩

તાક :- જો જમીન માં વારસાઇ માં જેટલા જણા હોય તે બધાના આધારકાર્ડ અને બેંકની વિગત જોશે. દરેક જેરોક્સ કોપી ઉપર સહીં અને મો.નંબર જોઇશે.

તા.ક: આ માટે સરપંચ શ્રી મેઘરાજભાઇનો સારો સહકાર મળ્યો છે. એમનો ખૂબ આભાર

લિ. ભુજપુર પાંગળાપોળ - ટ્રસ્ટીઓ

રમણ શેઠિયા : ૯૮૧૯૭૨૩૬૬૩

(CLB-0220)

શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન
સંયુક્ત ખબર પત્રિકા

વ્યાપારીઓ જોગ – નોકરી ખાલી છે

કોરોના મહામારી બાદ અનલોક તબક્કામાં ધીરે ધીરે આપણા વ્યાપાર ઉદ્યોગો શરૂ થઇ રહ્યા છે. થોડાક સમયમાં ફરી ધંધા રોજગાર પૂર્વવત થતા જશે. સમય કઠિન છે પણ પસાર થઇ જશે. આવા સમયે લોકડાઉનમાં આપણા ઘણા જ્ઞાતિજનોએ વાહન વ્યવહાર અને અન્ય અગવડતાને કારણે ઘણા પોતાની રોજગારી ગુમાવી છે તો સામા પક્ષે ધંધા ન હોવાને કારણે ઘણા વ્યાપારીઓએ સ્ટાફ ઘટાડ્યો છે.

હવે જ્યારે પૂર્વવત બધો વ્યવહાર શરૂ થઇ રહ્યો છે ત્યારે આપણે આપણા વ્યાપાર – ધંધામાં કર્મચારીઓની જરૂર પડશે, આવા સમયે આપ સર્વે દુકાનદારો– વ્યાપારીઓ– ઉદ્યોગપતિઓ આપણા જ્ઞાતિજનોને કામની તક આપી સાધર્મિકો માટે કંઈક સારું કર્યાનો સંતોષ મેળવી શકો તે માટે નોકરી ખાલી છે આ કોલમ હેઠળ આપ આપને જરૂરિયાત મુજબ સ્ટાફની જાહેરખબર આપી શકો તે માટે દેરાવાસી મહાજન અને સ્થાનકવાસી મહાજને ખબરપત્રિકા ના માધ્યમથી સંપર્ક સેતુ બનવાનું બીડું જડ્પ્યું છે.

સોમવાર તા.૫.૧૦.૨૦૨૦ના નોકરી ઈચ્છુકોની યાદી ઈ પત્રિકાના માધ્યમે પ્રસિધ્ધ કરવામાં આવી હતી. તેમાંથી આપ આપને જોઈતા સ્ટાફની વરણી કરી શકો છો આ ઉપરાંત નીચે આપેલી લિંક માં આપની સ્ટાફની જરૂરિયાત ભરીને અમને મોકલશો તો એ વિગત ઈ પત્રિકાના માધ્યમે નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે.

લિંક : https://bit.ly/kvovacancies

જરૂર બન્ને તરફ છે બસ જરૂર છે યોગ્ય માધ્યમની તો એ માધ્યમ ખબર પત્રિકા બની રહેશે એમાં બેમત નથી.

:: વધુ વિગત માટે સંપર્ક ::

શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન–મુંબઇ
Tel.: 23455464

શ્રી કચ્છી વિસા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન–મુંબઇ
Tel.: 23721084

પત્રી ગામવાસીઓને જોડાવવા અનુરોધ...

કચ્છી જૈન ફાઉન્ડેશન - શ્રી ક.વિ.ઓ.જૈન મહાજન (વડો મહાજન)
ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ / આરતી ફાઉન્ડેશન અને
૫૨/૪૨ ગામના મહાજન/મંડળ/સંઘ દ્વારા સંયુક્ત રીતે આયોજિત

MOBILE WORKSHOP

આપણા પત્રી ગામની લાડકવાયી દિકરી

કુ. રિદ્ધિ ભારતી હિતેશ શાંતિલાલ સાવલા

અને એની ટીમ દ્વારા સંચાલિત

મોબાઈલ વર્કશોપ માં

જોડાઈ સમય સાથે કદમ સે કદમ મિલાવીએ...

Session 3 D. 7-10-2020 to 13-10-2020

૭ દિવસ રોજ રાત્રે : 8.00 થી 10.00

જગશી કે. શાહ
અશોક કે. શાહ
શાંતિલાલ જીવરાજ ગડા
વિરેન્દ્ર દામજી જાદવજી છેડા
તલકશી હીરજી કાનપુરીયા
પંકજ વીરજી કે. શાહ

ગીરીશ વિસનજી દેઢિયા
CA રાજેશ રાઘવજી ગાલા
બીપીન લક્ષ્મીચંદ દેઢિયા
મણીલાલ દામજી પ્રેમજી ધરોડ
મણીલાલ મગનલાલ નાગશી ધરોડ
અશ્વીન મેઘજી વીરા

હસમુખ કે. શાહ
હરીશ ઠાકરશી ધરોડ
ધીરજ મગનલાલ નરશી ધરોડ
રમેશ રતનશી ભાણજી ધરોડ
મહેન્દ્ર માવજી ધરોડ
દિનેશ મેઘજી છેડા

પત્રીના ગામાઈ ભાઈઓ... સર્વેના શુભાશિષ સાથે અભિનંદન...

(CLC-0236)

Soni Graphics 9653103959

કચ્છ સમાઘોઘા મધે કુળદેવી શ્રી સચ્ચામાતાજીને નમતા સંગોઈ નુખના ભાવિકો જોગ

દર વર્ષની પરંપરા મુજબ આપણે દિવાળીનાં દિવસે વાર્ષિક જુહાર તથા કાર્તિક પુનમનાં દિવસે વાર્ષિક જુહાર તથા સમુહ પહેડીનો કાર્યક્રમ ખુબ જ શ્રધ્ધાભાવ પૂર્વક કરતા આવીએ છીએ. આપ સૌ એમા બહુ જ સારી રીતે સહભાગી થાઓ છો. વર્તમાન સંજોગોમાં કોરોનાનાં રોગચાળાને અનુલક્ષીને સાવચેતીનાં પગલા રૂપે ફક્ત આ વર્ષ પુરતો આ બંન્ને દિવસનો કાર્યક્રમ મોકુફ રાખેલ છે. આવનારા વર્ષોમાં આ પરંપરા કાયમ રહેશે જેની નોંધ લેવા વિનંતી. કાર્તિક પુનમ તા. ૩૦/૧૧/૨૦૨૦ ને રવિવારનાં દિવસે સ્થાનિકે સમાઘોઘા મધે અત્યંત સાદાઈ પૂર્વક પહેડી ચડાવી પ્રસાદ પ્રતીકરૂપે અર્પણ કરવામાં આવશે. કોઈ વિશેષ કાર્યક્રમ નહીં હોય જે સૌએ ધ્યાનમાં લેવું. સૌ ભાવિકોને નમ્ર વિનંતી કે કાર્તિક પુનમનાં દિવસે સૌએ પોતપોતાના સ્વગૃહે પૂ. કુળદેવી શ્રી સચ્ચા માતાજી, પૂ. ખેતરપાળ દાદા, પૂ. ગણેશજીની પહેડીની પહેડી કરી પ્રસાદ અર્પણ કરવું તથા જો આજુબાજુમાં સગવડ હોય તો પોતાની શક્તિ મુજબ બાળ નિયાણીને જમાડવી. સૌએ સાથ સહકાર આપવા નમ્ર વિનંતી. આવતા વર્ષ આપણા કાર્યક્રમ રાબેતા મુજબ રહેશે. અન્ય પૂછપરછ માટે સંપર્ક : જીતેશ લાલજી સંગોઈ (કપાયા-કાંદિવલી) - ૯૮૨૦૮૮૮૦૧૨, બપોરે ૩ થી ૫. સૌ ભાવિકો વતી લિ. શ્રી લક્ષ્મીચંદ વેલજી- શ્રી કિશોર મોરારજી, શ્રી જીતેશ લાલજીના જય માતાજી.

2/1/1(1) -------- (A-0249)(4-1)

'ભરત સાવલા સંચાલિત સાવલા ટુર્સ' ! ૨૦૨૦/૨૦૨૧ની : શ્રી શિખરજી મહાયાત્રા !

આગામી યાત્રા/પ્રવાસો (૧) ૧૧.૧૦.૨૦ થી ૨૩.૧૦.૨૦ (૨) દિવાળી પહેલાં : ૬.૧૧.૨૦ થી ૧૮.૧૧.૨૦ (૩) દિવાળી પછી : ૧૫.૧૧.૨૦ થી ૨૭.૧૧.૨૦ (૪) ૨૮.૧૧.૨૦ થી ૯.૧૨.૨૦ (૫) ૯.૧૨.૨૦ થી ૨૦.૧૨.૨૦ (૬) નાતાલ/ક્રિસમસ વેકેશન : ૨૦.૧૨.૨૦ થી ૨.૧.૨૧ (૭) ફક્ત દિક્ષાર્થીઓ (મુમુક્ષુઓ) માટે. એક જ પરીવારના સહયોગથી - નિઃશુલ્ક. (શરતોને આધિન) ૨.૧.૨૧ થી ૩૦.૧.૨૧ (૮) ફક્ત ધાર્મિક પાઠશાળાના શિક્ષક/શિક્ષિકાઓ માટે. એક સંસ્થાના સહયોગથી (નિઃશુલ્ક) ૧.૨.૨૧ થી ૨૧.૨.૨૧ (૯) ૨૨.૨.૨૧ થી ૮.૩.૨૧.

● ઉત્તર પ્રદેશ (૫૦ કલ્યાણકો) નો પ્રવાસ : ૨૫.૧૦૨૦ થી ૭.૧૧.૨૦.

● સુવિધાજનક ધર્મશાળાઓમાં આવાસ (૨) ।।। A.C. ટ્રેન/૨×૨ પુશ બક એ.સી. બસ (૩) આપણાં જ રસોડે નીતનવા સ્વાદિષ્ટ ભોજન-નાસ્તા.

● નોંધ : અમારી ટુર કોસ્ટમાં : ટ્રેન/પ્લેનનું ભાડું સામેલ નથી.

● 'સાવલા ટુર્સ' (૧) ભરત સાવલા-નવાવાસ : મો. ૯૩૨૪૦૬૯૨૯૫/૭૦૨૧૪૮૩૯૨૩ (૨) કલ્પેશ સાવલા : મો. ૯૭૬૯૦૬૦૮૨૮.

4/1/1(7) -------- (B-0235)(4-2)

કાશ્મીરની કલી બનશે ફુલ ખીલી ખીલી આદીનાથ દાદાને જુહારવા તત્પર ૨૦મી કો ખાસ

સૂરિશ્વરોની આજ્ઞા આશિષે ગત વર્ષે દાદા આદીનાથની નિર્વાણ ભૂમિની સ્પર્શના કરવા જોડાએલ યાત્રીકો ખાસ આપણે આ વખતે ૧+૧ બે વખત યાત્રા પ્રવાસ કરશું માર્ચ મહિનામાં ૧૧/૩/૨૧ થી ૨૧/૩/૨૧ અને બીજી યાત્રા પ્રવાસ ૩/૬/૨૧ થી ૧૩/૬/૨૧ સુધી માર્ચ મહિનો એટલે કાશ્મીરનો યુવા અવસ્થા હોય છે - દરેક યાત્રીકોને નમ્ર વિનંતી. જેમણે અગાઉ- માર્ચ મહિનામાં પોતાના નામો લખાવેલ છે. તેમણે વાસંતીબેન ૧ થી ૫ સમય દરમ્યાન પોતાનાં નામો- કનફર્મ કરી લે તેમજ બાકી રહેનારનાં બીજી યાત્રા જુન મહિનામાં જવાનું છે તે ખાસ નોંધ લેશોજી 9920352379 ઉપર ફોન કરશો. વિશેષ : ૯૦૨૯૨૭૩૯૭૦. લી. ચન્દ્રપ્રભ જિન આરાધક મંડળ વતી પ્રમુખ કિરણ વેરશી ગડાના પ્રણામ.

2/1/1(16) -------- (A-0247)(4-3)

દ્વિષા-મહેક સંગીત ક્લાસીસ - વાંદરા - વે. મઠો રે મુંજો નંઢો ભાડીયો

આજકાલ કરતાં ઉપરોક્ત ક્લાસ ચાલુ કર્યાના પંદર વર્ષના વહાણા વાઈ ગયા. ૧૬માં વર્ષના પ્રવેશ પ્રસંગે હાર્દિક અભિનંદન. શાસ્ત્રીય તેમજ સુગમ સંગીતના વોકલ તેમજ ઈન્સ્ટ્રુમેન્ટલ ક્લાસીસ છેલ્લા ૧૫ વર્ષથી નિયમિત ચાલી રહ્યા છે. ક્લાસમાં સિતાર, ગીટાર, વાયોલિન, પીયાનો, કી બોર્ડ, હાર્મોનીયમ, તબલા તેમજ ઢોલકના વર્ગો અનુભવી શિક્ષકો દ્વારા ચાલી રહ્યા છે. કલા તરફ એક પગથીયુ આગળ વાંસળી, ફ્લ્યુટ, યુકલીલી, ક્લેરેનેટ અને ડ્રોઈંગ ક્લાસીસ સાથે પ્રારંભ. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયની પ્રારંભિકથી લઈને વિશારદ સુધીની પરીક્ષા પણ અપાવવામાં આવશે. નાનાભાડીયાના સંગીત પ્રેમી ભાઈ-બહેનો માટે પત્રિકાની તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૪ની જાહેરાત પ્રમાણે ખાસ વિશેષ કન્સેશન પ્રમાણે શીખવાડવામાં આવશે. પ્રસંશનીય પ્રગતિ અને સફળતાના ૧૫ વર્ષ શુભેચ્છક સંગીત શિક્ષકો, સંગીત વિશારદ જયવંતીબેન ગાલા, મહેક રાંભીયા, કેશવજીભાઈ જૈન (સતરા), શુભેચ્છક શ્રી વેલજી લખમશી નપુ હાઈસ્કુલ, ચીંચપોકલીના સહ અધ્યાપી ૧૯૬૧, ખીમજી મામણીયા, દેવચંદ ગાલા, સી.એ. એલ.કે. હરીયા, વી.એચ.સંઘોઈ, એલ.કે.ગડા અને અન્ય. સંચાલક, સંગીત શિક્ષક : નવીન રાંભીયા, પરેશ મ્યુઝીક. મો. ૯૮૬૯૩૮૩૫૦૩, ફોન : ૨૬૪૩૦૩૩૨.

4/1/1(1) -------- (B-0227)(4-4)

ધો. ૧૦ના ૨૦ તેજસ્વીઓ KTSE સ્કો. દેરાવાસી - સ્થાનકવાસી મહાજનોને ધન્યવાદ

વસંત ગલિઆ (લુણી/ પાર્લા)નો ૭૧ વર્ષમાં પ્રવેશ

● ધો. ૧૦ના તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ પરીક્ષા દ્વારા પસંદ કરી એક વર્ષના રૂા. ૧૮,૦૦૦ (અઢાર હજાર)ની સ્કોલરશીપ, છ વર્ષ સુધી નાનજી મોનજી ટ્રસ્ટના અન્વયે ઝાયક્સ ઈન્ફોટેક (સીપ્ઝ)ના પ્રણેતા આતિશ નાનજી દેઢીઆ, M.S. (ભુજપુર/જુહુ) તરફથી કુલે છ વર્ષમાં રૂા. ૧,૦૮,૦૦૦ (એક લાખ આઠ હજાર) આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી ૧૬૦ સ્કોલર્સોને અપાયી છે. આતિશને ધો. ૧૦માં NTSE (રાષ્ટ્રીય પ્રજ્ઞા શોધ પરીક્ષા) સ્કોલરશીપ મળી હતી, એ પેટર્ન પર આ પરીક્ષા લેવામાં આવે છે. આ વર્ષના ૨૦ વિજેતા ઓને અભિનંદન/ શુભેચ્છા. માતા પિતાને ધન્યવાદ.

● કોવિડ-૧૯ને કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં જ્ઞાતિના ઘણા લોકોની નોકરી છૂટી ગઈ હોવાથી નોકરીના ૫૪૩ જરૂરિયાતમંદોના નામો-વિગતો સોમ તા. ૫ ની ઈ-પત્રિકામાં પાના નં. ૧ થી ૧૨ 'ફ્રી'માં પ્રગટ થયા છે. આ સેવા માટે દેરાવાસી - સ્થાનકવાસી મહાજનોને ધન્યવાદ.

● વસંત ગલિયાએ હાલની વિકટ પરિસ્થિતિમાં ૧૧૦૮ કોવિડ દર્દીઓને સેવન હિલ્સ હોસ્પિટલમાં સારવાર કરાવી દર્દીઓના લાખો રૂા. બચાવ્યા છે. માનવતાના મસીહા વસંત ગલીઆ 'કચ્છી ફાઉન્ડેશન'ના પાયાના પથ્થર છે. તેમને દીર્ઘાયુની શુભેચ્છા. લી. પ્રવિણ વેલજી શાહ (નરેડી/મુલુંડ/અમેરિકા).

2/1/1(8) -------- (B-0238)(4-5)

અંતરની શોકાંજલિ

ઉમ્રભર લીલાં જ રહેશે, આપની યાદોનાં તોરણ...!

સદાબહાર-ઝિંદાદીલ

પુણ્યશ્લોકી

શ્રી નિખિલ (રાજુ)
મહેન્દ્ર જેવત શાહ (ગડા)

(કચ્છ: રાયણ - મુંબઈ: પરેલ)

જીવનયાત્રા

તા. ૧૦-૧-૧૯૭૫ થી તા. ૫-૧૦-૨૦૨૦

ઊ.વ. ૪૫

માતા-પિતાઃ **પ્રમિલા મહેન્દ્ર જેવત ભૂલા શાહ (રાયણ)**

સાસુ-સસરાઃ **તારાબેન નવીન જેઠાલાલ સાવલા (ડોણ)**

ધર્મપત્નિઃ **નિપા નિખિલ (રાજુ) મહેન્દ્ર શાહ**

પુત્રઃ **હેરીન** | પુત્રીઃ **જેસિકા**

બેનઃ **જીની મહેન્દ્ર શાહ** - ભાણેજઃ **આર્ય**

સાળી-સાદુભાઈઃ **રૂપલ મનિષ જેઠાલાલ સંગોઇ (કપાયા)** - ભાણેજીઃ **હેતવી**

સાળાવેલી-સાળાઃ **રચના વિનય નવીન સાવલા (ડોણ)** - ભત્રીજીઃ **આરૂષી** ભત્રીજોઃ **હવીર**

શ્રી નિખિલભાઈના સર્વે કુટુંબીજનો-પરિવારજનો, સૌ ગામાઈઓ, મિત્રગણ સૌને પ્રણામ કરી સમગ્ર પરિવાર તરફથી આપ સૌનો ઋણ સ્વિકારીએ છીએ... હૃદયપૂર્વકની વંદના...

વર્તમાન સમયને ધ્યાનમાં રાખી પ્રાર્થના/ગુણાનુવાદ રાખેલ નથી.
તેમના આત્માની શાંતિ અર્થે નવકાર મહામંત્રનું ચિંતન કરવું...!
ઘરે આવવાની તસ્દી ન લેવા નમ્ર વિનંતી છે.
લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

કલ્પના ડ્રેસીસ-પરેલ

મો. 9869288484
મો. 7021641361 (જીની)
મો. 9869427423 (વિનય)

નિવાસઃ ૩૫-૩૬, રામ નિવાસ, ડૉ. આંબેડકર રોડ, પરેલ વર્કશોપની સામે, પરેલ. મુંબઈ-૧૨.

(CLA-0229)

KAMAL GRAPHICS: 9867093043

આત્મીયજનોની અભિવંદના...આભાર...ઋણ સ્વીકાર

કાળની ક્રુરતા...વિધીની વક્રતા...કેમ રૂઠ્યો અમથી ભાગ્ય વિધાતા...!

આટાવાલા પરિવારના નભો મંડળમાંથી બે તારલા આલોપ થયા



બીપીન ઠાકરશી ગાલા

મુંબઈથી કાર મારફતે (By Road) કચ્છ જતી વખતે તા.૨૩-૯-૨૦૨૦, બુધવારના સવારે હળવદ નજીક ગોજારો કાર અકસ્માત થતા શ્રી બિપીનભાઈ ઠાકરશી ગાલા (ઉ.વ.૬૨) અને એમનાં સુપુત્ર ચિ.વ્રિત ગાલા (ઉ.વ.૨૬) ઘટના સ્થળે અવસાન પામ્યા હતા.

વ્રિત બીપીન ગાલા

બીપીનભાઈના ધર્મપત્ની કલ્પનાબેન અને સુપુત્ર રીકી ને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ અત્યંત દુ:ખદ ઘટના વાયુવેગે પ્રસરી જતા સ્થાનિકેથી ગ્રામજનોએ અને મુંબઈથી પરિવારજનોએ તુરંત જ ઘટના સ્થળે હળવદ પહોંચી કાર્યવાહી શરૂ કરી હતી.

આ સંપૂર્ણ કાર્યવાહીમાં હળવદનાં પોલીસ સ્ટેશનનાં PSI અને સ્ટાફ, હૉસ્પિટલનાં ડોકટર અને સ્ટાફ, હળવદ અને લીમડીનાં આગેવાનો તથા ગ્રામજનો મોડી રાત્રીનાં અગ્નિ સંસ્કાર વિધી સુધી સાથ આપેલ. અજાણ્યા હોવા છતા માનવતાને દિપાવનાર આ સેવાભાવીઓનો આત્મીયભાવ - સાથ સહકાર અભુતપૂર્વ - અવર્ણનીય હતો.

ઈજાગ્રસ્ત બે પરિવારજનો કલ્પના ગાલા અને રીકી ગાલાને પ્રથમ સુરેન્દ્રનગર હૉસ્પિટલમાં દાખલ કરાયા. સમય, સંજોગ - પરિસ્થિતિને અનુસરીને અમદાવાદની જાણીતી હૉસ્પિટલ સીમમાં એડમીટ કરવાનો સમય સુચકતા ભરેલો નિર્ણય મોટા આસંબીયા (હાલે સુરેન્દ્રનગર) ના જયેશ શામજી છેડા (મોટા આસંબીયાનાં શ્રી અમૃતલાલ ગડાનાં જમાઈ) એ લીધેલ.

અમદાવાદની સીમ હોસ્પિટલમાં તાત્કાલીક સંપૂર્ણ સેવા ડૉ.ધીરેન શાહ (રામાણીયા), સેવાભાવી આગેવાન વડીલ શ્રી ટોકરશી મામા (પુનડી) તથા મોટા આસંબીયા (હાલે અમદાવાદ) ના શ્રી દિપેશ અમૃતલાલ પ્રેમજી ગડા અને અનેક વ્યકિતઓએ અનન્ય સેવાઓ આપી સાથ સહકાર આપ્યો હતો.

ઈશ્વર કૃપાથી બંને ઈજાગ્રસ્ત પરિવારજનો સાજા થઈ ૫ દિવસમાં મુંબઈ આવી ગયા છે.

સ્થાનિકે સર્વે ગ્રામજનોએ આ દુખ ઘટનાની જાણ થતા આઘાત અનુભવ્યો હતો. સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. સ્થાનિકે બિરાજમાન પરમ ઉપકારી પ.પૂ.સાધ્વીજી ભગવંતોએ સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે જાપ તથા આરાધના કરાવી હતી.

અમારા પરિવાર પર આવેલ અણધાર્યા કારમાં આઘાતમાં સેવાભાવે સાથ સહકાર આપનાર ઉપરોક્ત સર્વે તથા સગા-સ્નેહી, સોસાયટી મેમ્બર, ગામાઈ ભાઈઓ, મિત્રો, વ્યાપારી, દલાલ તથા ગ્રાહક ભાઈઓ તેમ જ દેશ-વિદેશથી આવેલ ફોન તથા સંદેશાઓ મોકલી આશ્વાસન આપી અમારા દુ:ખમાં સહભાગી થવા બદલ **આપ સૌનો શા.ઠાકરશી હીરજી ગાલા સમસ્ત આટાવાલા પરિવાર સદાય આભારી અને ઋણી રહેશે.**

આત્મીયતાનો અતુટ નાતો બાંધનારાઓ આપ સૌનો અંત:કરણથી આભાર વ્યકત કરતાં અમારું હૈયું ગદ્‌ગદિત બન્યું છે. વિરહની આ પળોમાં કોઈના નામનો ઉલ્લેખ ન થયો હોય, ભુલચુક હોય તો ક્ષમા કરવા વિનંતી.

લિ.ભવાનજી ઠાકરશી ગાલા, રમેશ ઠાકરશી ગાલા
રાજુ ભવાનજી ગાલા, રીકી બીપીન ગાલા, વત્સલ રમેશ ગાલા
સમસ્ત આટાવાલા પરિવારનાં જયજિનેન્દ્ર - જય શ્રી ક્રિષ્ન

(CLC-0218)

NEEL PARI - 9322299742

કચ્છ : બિદડા (ખાખરીયો ફળીયો) — અરિહંતશરણ — મુંબઈ : મુલુંડ

માતુશ્રી રૂક્ષ્મણીબેન (રાણબાઈ) જીવરાજ મુરજી ગોગરી

ટુંકી માંદગીથી (કોરોના)થી અવસાન : તા. ૬.૧૦.૨૦૨૦ • ઉં.વ. ૮૬

જેમની પાસેથી અવિરતપણે હેત - હુંફ - વાત્સલ્યતાનું અમૃતપાન અને સુસંસ્કારી જીવન ઘડતર પ્રાપ્ત કર્યું, એવા વાત્સલ્યમૂર્તિ વડીલની ગુમાવી છે શીતળ છાયા. એમનો દિવ્ય આત્મા મોક્ષગામી હોજો એજ પ્રભુને પ્રાર્થના.

સાસુ-સસરા : **માતુશ્રી ભાગબાઈ મુરજી રતનશી ગોગરી ...બિદડા**
માતા-પિતા : **માતુશ્રી રતનબેન કુરપાર પેથા વોરા .....બિદડા**
પતિ : **પુણ્યશ્લોકી જીવરાજ મુરજી ગોગરી .....બિદડા**

પુત્ર-પુત્રવધુ : સરલા દિનેશ જીવરાજ ગોગરી.....બિદડા
ભારતી સુરેશ જીવરાજ ગોગરી.....બિદડા
પુત્રી-જમાઈ : સુશીલા હરીલાલ જેઠાલાલ પોલડીયા .....તલવાણા
માધુરી દિનેશ કેશવજી દેઢિયા.....સાડાઉ
વિમળા શાંતિલાલ નાનજી શાહ .....બિદડા
પૌત્ર-પૌત્રવધુ : ફોરમ મિતુલ દિનેશ ગોગરી.....બિદડા
શ્રધ્ધા મોનીલ સુરેશ ગોગરી.....બિદડા
પૌત્ર : રોમિલ સુરેશ ગોગરી .....બિદડા
પૌત્રી-પૌત્રીવર : ધ્વની જય સુરેશ છેડા.....બિદડા
પરપૌત્ર-પરપૌત્રી : રાશી મિતુલ ગોગરી .....બિદડા
કિયાન મિતુલ ગોગરી.....બિદડા
જિયાંશ મોનીલ ગોગરી.....બિદડા
પૌત્રીના પુત્ર : વિહાન જય છેડા .....બિદડા
દોહીત્ર-દોહીત્રવધુ : નિહારીકા નયન હરીલાલ પોલડીયા.....તલવાણા
ફોરમ અંકિત શાંતિલાલ શાહ .....બિદડા
દોહીત્રના પુત્ર-પુત્રી : ભ્રુવિ નયન પોલડીયા .....તલવાણા
વિરમ અંકિત શાહ.....બિદડા
ઝાયના અંકિત શાહ.....બિદડા
દોહીત્રી-દોહીત્રીવર : ફાલ્ગુની રાજીવ નાગજી રાંભિયા .....નાના ભાડીયા
વૈશાખી વિપુલ ભવાનજી નાગડા.....વિઢ
જીગ્ના મિતેશ ભવાનજી છેડા .....રતાડીયા (ગ.)
ભાવિકા સચીન ધીરજલાલ ગાલા .....સાડાઉ
ચૈતાલી ચિંતન ભરત સાલીયા .....નાની ખાખર
પ્રિયલ સુકેતુ વસંત છેડા.....રાયણ
દોહીત્રીના પુત્ર-પુત્રી : જૈનમ રાજીવ રાંભીયા .....નાના ભાડીયા
રૂજુ વિપુલ નાગડા .....વિઢ
સંયમ મિતેશ છેડા .....રતાડીયા (ગ.)
મૌર્ય સચીન ગાલા .....સાડાઉ
કેયોના ચિંતન સાલીયા .....નાની ખાખર
નાયશા સુકેતુ છેડા.....રાયણ

જેઠ-જેઠાણી : નેણબાઈ માવજી મુરજી ગોગરી.....બિદડા
ભવાનજી મુરજી ગોગરી .....બિદડા
રતનબેન કાનજી મુરજી ગોગરી.....બિદડા
નણંદ-નણંદોઈ : લાછબાઈ સોજુ હીરા મોતા .....બિદડા
મોંઘીબેન રાયશી કેશવ સાવલા .....બિદડા
જેઠ-જેઠાણી તુલ્ય : દેમઈમા મોના ભીમા દેઢિયા .....બિદડા
કુઈયાઈ ભાઈ-ભાભી : ખીમજી ભારમલ દેઢિયા .....કોડાય
ભાઈ-ભાભી : પાનબાઈ પ્રેમજી કુરપાર વોરા.....બિદડા
દેવકાબેન કાનજી કુરપાર વોરા .....બિદડા
કેસરબેન કરમશી કુરપાર વોરા .....બિદડા
બેન-બનેવી : મમીબાઈ નરશી લખમશી દેઢિયા.....ટુંડા
લક્ષ્મીબેન ખીમજી કેશવજી ગાલા.....કાંડાગરા
વેવાણ-વેવાઈ (પ્રથમ પેઢી) : લક્ષ્મીબેન શામજી ભાણજી ગડા.....મોટા લાયજા
કુંવરબાઈ મગનલાલ નરશી નંદુ .....રતાડીયા (ગ.)
પાનબાઈ જેઠાલાલ ટોકરશી પોલડીયા.....તલવાણા
મણીબેન કેશવજી દેવજી દેઢિયા .....સાડાઉ
નાનબાઈ નાનજી વિજપાર ગંગર.....બિદડા
બીજી પેઢી વેવાઈ : હર્ષાબેન ધીરજભાઈ પ્રેમજી ગાલા .....વાંકી
મુક્તાબેન સુરેશભાઈ ધનજી છેડા.....બિદડા
જાગૃતિબેન ખુશાલભાઈ નેમચંદ ગંગર .....નાંગલપુર
પરમ સ્નેહી : રાજયોગ પરિવાર .....મુલુંડ-વેસ્ટ
ગીતાબેન કાંતિભાઈ પટેલ.....મુલુંડ-વેસ્ટ
ચંદનબેન શાંતીભાઈ મારૂ.....મુલુંડ-વેસ્ટ
ડૉ. મયુર મોતા .....બિદડા
ડૉ. રસીક પટેલ .....મુલુંડ

નમ્ર નિવેદન : વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને પ્રાર્થના સભા રાખેલ નથી.

લૌકીક વહેવાર બંધ છે. • ઘરે આવવાની તસ્દી ન લેવા નમ્ર વિનંતી. • ફોન/વોટ્સએપ/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી.

નિવાસ : દિનેશ જીવરાજ ગોગરી : 1301, રાજયોગ રેસીડેન્સી, 13 મે માળે, ડૉ. R.P. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - 400080.
દિનેશ ગોગરી : મો. 9821049267 • સરલાબેન : મો. 9833099010 • મિતુલ : મો. 9821163353

DIAMOND STICKERS ડાયમંડ સ્ટિકર્સ
Dinsons Self Sticks Pvt. Ltd.
A-506, MIDC, Mahape, Navi Mumbai - 400710.
E-mail : diamondstickers333@gmail.com • Tel. 8655246953 / 27782349 / 27782350
(CLA-0248)
ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડ્મ
છગન છેડા : 9322263819

EMPOWERING CHANGE
KCF ની અદ્‌ભુત જીવનયાત્રાની ઝાંખી

25TH ANNIVERSARY

KCF Empowering change

Ku

- ૨૫ વર્ષમાં ૨૫૦ ઉપરાંત જ્ઞાનવર્ધક સેમીનાર / વર્કશોપ / તાલીમબદ્ધ પ્રશિક્ષણ યોજનાર સંસ્થા એટલે...
- સમાજના સેંકડો નાના-મોટા વ્યવસાયિકો તથા ધંધાર્થીઓના માનસિક અને આર્થિક સંઘર્ષ અને વિકાસ તથા ઉત્થાનપંથમાં પથદર્શક બની, વેલ્થ-સર્જનની કેડી કંડારવામાં સતત સહાયરૂપ અને માર્ગદર્શક બનનાર એકમેવ કચ્છી સંસ્થા એટલે...
- જ્ઞાનસંપન્ન વિદ્વાન વ્યક્તિઓ સાથે એકરૂપતા સાધવા માટેનું શ્રેષ્ઠ શિરછત્ર સંગઠન એટલે...
- જીવનના પડકારજનક વિષમકાળના મંદીના મોરચા સામેની લડતમાં અગ્રીમપણે સતત કાર્યશીલ રહી, મનોબળ બળવત્તર બનાવવામાં અગ્રેસર રહેનાર પરિવાર એટલે...

એટલે... કચ્છ કોરપોરેટ ફોરમ જેની-KCF ના હુલામણાં નામે સમગ્ર સમાજમાં ઓળખ છે.

President
Philip Shah

IPP
Amrut Shah

Advisory
Dinesh Ghalla

Advisory
Ashok Shah

Advisory
Dhiraj Rambhia

Advisory
Devchand Chheda

Vice President
Jiten Chheda

Secretary
Karan Vora

Treasurer
Hiren Gogri

Convenor-Membership
Mukesh Dedhia

Convenor-Membership
Rohan Ghalla

Convenor-Events
Niteen Shah

Convenor-Events
Ketan Gala

Convenor-PR
Hiren Gada

Convenor-PR
Sumit Gala

લિ. આપના સ્નેહાધીન, કચ્છ કોરપોરેટ પરિવારના સ્નેહાવંદન !

(CLB-0264)

itch Corporate Forum

Sr. No.	Webinar / Workshop Titles	Learned Speakers	Organised On
1	Eternal Immunity	Dr. Mickey Mehta	28-03-2020
2	De-Stress And Feel Fresh through Mindfulness	Suraj Shah	02-04-2020
3	How can Indian Businesses cope with Covid-19 Disruption	Dr. Jagdish Sheth	04-04-2020
4	Effective Cash Flow and Cost Management in Challenging Times	Srinivasan V	08-04-2020
5	Understanding Digital Media Ecosystem	Pritesh Patel	13-04-2020
6	Guided Mindfulness Meditation	Rita Chadha	14-04-2020
7	How To Navigate Your Business Through Current Storm	Ambrish Chheda	20-04-2020
8	7 Days Workshop On Productivity Shashtra	CA Manan Vasa	21-04-2020
9	Global Economic Ramification of the COVID-19 Pandemic	Deep Nishar	01-05-2020
10	Crystal Ball Gazing - Technology Beyond 2020	Dr. Milind Agarwal	02-05-2020
11	Looking Forward For Family Business	Dr. Parimal Merchant	07-05-2020
12	How to Restart your Business / Retail after Lockdown	Niteen Shah	09-05-2020
13	Jamming with Jatin	Jatin Paranjape	15-05-2020
14	Journey of Hinduja Group	Hinduja Brothers	28-05-2020
15	Sustainable Agriculture Module	C M Patel & Urmil Gala	30-05-2020
16	Turn Setbacks into Comebacks	Shiv Khera	31-05-2020
17	Roadmap for MSMEs During & Post Covid 19	Kishor Kharat	05-06-2020
18	Living in a New Normal A Technology enabled world	Rajneesh Jain	07-06-2020
19	Challenge Chance Change	Sadhu Amrutvadandas	04-07-2020
20	The Future of Bullion Market	Prithviraj Kothari	08-08-2020
21	Future Trends in Realty Market	Gulam Zia	12-08-2020
22	How to double your performance without adding Risk or Stress in your Business	CA Manan Vasa	Multiple Dates

અદમ્ય સફરના વિપરીત સમય-સંજોગોના કારણે વિખુટા પડેલા સભ્યોને ફરીથી એકજૂટ બનવાનું હાર્દિક નિમંત્રણ અને અણમોલ નજરાણું:-

- ૨૦૨૦ ડિસેંમ્બર સુધીની શુભેચ્છારૂપ ફ્રી સભ્યપદની નવાજેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી સંસ્થા તથા જૂના જોગીઓ / સાથીઓ સાથેનો ઉષ્માસભર પ્રેમતંતુ બાંધીને શુભકાર્યના ઓજસને આગળ ધપાવી સ્વસામર્થ્યને બળવતર બનાવી શકાય.
- મા શારદાના જ્ઞાનયજ્ઞમાં જોડાઈ, KCF ના સભ્ય બનીને જ્ઞાનજ્યોતને વધુ તેજોમય બનાવીએ.

વડીલોને નમ્ર નિવેદન:

આપના પરિવારના યુવાન/યુવતીઓને આ જાહેરાત વાંચી સંભાળાવજો અને ગુજરાતી વાંચી શકતા હોય તો તે વાંચવાનો આગ્રહ કરશો. જેના કારણે પરિવારનું આર્થિક ઉત્થાન થશે, જેના માટે આ યુવાનો આપને જીવનભર યાદ કરશે!

UPCOMING WEBINAR
16th October 2020
Topic: Strategies for the SME/MSME Retailer in current times.

MEMBERSHIP REGISTRATION, FREE TILL DECEMBER, 2020
Download, Membership Form & Fill Up The Form

Registered Office : Ghalla and Bhansali :
Devansh, 133, Dadasaheb Phalke Road,
Near Ranjit Studios, Dadar (East), Mumbai - 400 014.
Facebook : facebook.com/kcfindia
Email id : info@kcfindia.in
For New Membership : kindly visit
www.kcfindia.in or call on 91522 46501

DEV GRAPHICS - 93 23 84 28 28

પ્રેમના પરિમલમૂર્તિ, સમતાભાવી
વેવાણને ભાવાંજલિ

દેશલપુર (કંઠી)

પરેલ

અનશનવ્રતધારી
શ્રીમતી લીલાવંતીબેન હેમચંદ ગાલા

સુખ-દુ:ખમાં પણ જેના મુખ પર સદાય રહેતી સૌમ્યતા,
ધર્મ - વડિલો અને ગુરૂભગવંતો પ્રત્યે દાખવી જેણે નમ્રતા,
પ્રભુ વીરે પ્રરૂપેલા ધર્મના આધારો જાણી અજાણી સંસારની અસારતા,
અનશનવ્રત થકી પામ્યા લખ ચૌર્યાસીના ફેરામાંથી મુક્તતા...
સુશ્રાવિકા લીલાવંતીબેન ૪૭ મા ઉપવાસે સમાધિમરણ પામેલ છે.
એમનો દિવ્ય આત્મા શીઘ્રાતીશીઘ્ર મોક્ષ ગતિને પામે
એજ પરમાત્માને પ્રાર્થના સહ અનુમોદના.

મોટા વેવાણ (લુણી)

માતુશ્રી વેલબાઈ રતનશી વરજાંગ સોની

વેવાણ

શ્રીમતી દમયંતીબેન મનસુખલાલ રતનશી સોની

પુત્રી તુલ્ય

સ્મિતા રાજેશ વાલજી દેઢિયા (ગુંદાલા)
શીતલ ચેતન રાઘવજી ધરોડ (પત્રી)
અલ્કા પરીન કાંતિલાલ શેઠિયા (વડાલા)

દોહિત્ર-દોહિત્રી તુલ્ય

ઉર્વી, આકાશ, આરવ

(CLC-0259)

NEEL PARI - 9322299742

દેશલપુર ગામની ધર્મજ્યોત ઝળકાવનાર...
કર્મ સામે રણશુરા થનાર...
ધર્માનુરાગી સુશ્રાવિકાને માનાંજલિ

દેશલપુર (કંઠી)

મુંબઈ : પરેલ

અનશનવ્રતધારી
શ્રીમતી લીલાવંતીબેન હેમચંદ ગાલા

સંઘ વંદન કરે કોટિ કોટિ, ખોટ પડી ગામને મોટી...
વેદનીય કર્મનો થયો ઉદય, ધરી સમતા રાખી હૃદય
મોંઘો મળ્યો માનવ મનખો, વિતરાગ ભાવે પ્રયાણ અનોખો...
જીવનનું સઘળું જ છોડ્યું, મોહથી મુખ જ મોડ્યું...
ઉગ્ર તપ દેહ અલંકૃત, સમતા સંગે મન પુલકિત..
ગમન થયું ઉર્ધ્વ ગામી, મૃત્યુને મહોત્સવ બનાવ્યુ...
પરમકૃપાળુ પરમાત્મા લીલાવંતીબેનના દિવ્ય આત્માને શાંતિ અર્પે
તેમ જ દિવ્યાત્મા જ્યાં પણ હોય વહેલામાં વહેલી તકે
મોક્ષ પામે તેજ પ્રાર્થના સાથે જયજિનેન્દ્ર જય મહાવીર

દેશલપુર કંઠી આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
ટ્રસ્ટીગણ - અધિકારીગણ - કારોબારી સભ્યો

(CLB-0253)

સરલાબેન શાંતિલાલ સોની

પોપટલાલ દામજી છેડા	જયેશ શાંતિલાલ વીરા
હિંમતલાલ પ્રેમજી છેડા	દિપક તલકશી ગાલા
નવીન દામજી ગાલા	જયેશ દામજી સોની
મનસુખલાલ પ્રેમજી દેઢિયા	પ્રશાંત શાંતિલાલ ગાલા
દિલીપ ખેરાજ વીરા	જતીન વિનોદ વીરા
મણીલાલ પ્રેમજી વીરા	નીરવ પ્રકાશ વીરા
રમેશ ખીમજી દેઢિયા	નરેશ જેઠાલાલ દેઢિયા

NEEL PARI - 9322299742

માતુશ્રી જેવુબાઇ દામજી નેણશી ગાલાના પુત્રવધુ

માતા તુલ્ય ભાભી/કાકી/મામીને ભાવભરી આદરાંજલિ

કચ્છ : દેશલપુર (કંઠી) મુંબઈ : પરેલ

૪૭ દિવસના અનશનવ્રતધારી, ધર્માનુરાગી

શ્રીમતી લીલાવંતીબેન હેમચંદ દામજી ગાલા

સંબંધો વિખરાય તે પહેલા સદ્‌ગુણોની સુવાસ પ્રસરાવી ગયા
ભવભ્રમણનો અંત કરવા માટેની ધન્યતમ સાધના કરી ગયા.
ચિત્તા બળે તે પહેલા આતમ ચૈતન્યને જગાડી ગયા.
અસ્થિઓ વિખરાય તે પહેલા આસ્થાને જગાડી ગયા.

રંજનબેન નવીન દામજી ગાલા
(દેશલપુર (કંઠી) - માટુંગા)

સેજલ મેહુલ ધનજી વોરા નવીનાળ
નીરાલી
મેઘા મેહુલ ધનજી વોરા નવીનાળ
વૃષ્ટિ મેહુલ ધનજી વોરા નવીનાળ

ભાનુબેન પોપટલાલ રણશી શાહ
(કચ્છ : નાની ખાખર)

ભારતી પ્રફુલ હીરજી કેનીયા બારોઈ
સુચિતા કેયુર પ્રફુલ કેનીયા બારોઈ
નીતી નંદીશ પ્રફુલ કેનીયા બારોઈ

શોભના વિજય પોપટલાલ શાહ નાની ખાખર
રિધ્ધી દિવ્યેશ મહેન્દ્ર શાહ (સાયાણી) મેરાઉ
આર્ય, વિવાન, વિહાન, સાહિર

(CLC-0261)

NEEL PARI - 9322299742

માયાણી પરિવારના આકાશમાં અંધકાર છવાયો

શ્રધ્ધેય આશાસ્પદ યુવાનનો જીવનદિપ બુઝાયો

સંનિષ્ઠ, અગ્રેસર કાર્યકર ને શ્રધ્ધાસુમન

શ્રી નિખીલ (રાજુભાઈ)
મહેન્દ્ર શાહ (ગડા)

કચ્છ : રાયણ - મુંબઈ : પરેલ

સૂર્યોદય અને સુર્યાસ્ત થાય પણ
વિશેષતા પ્રકાશ પ્રદાનની,
ફૂલ ખીલે અને કરમાય પણ
વિશેષતા ફોરમ ફેલાવવાની,
માનવ જન્મે અને મૃત્યુ પામે પણ
વિશેષતા ગુણસભર સેવામય જીવનની

મનના નિખાલસ, સદૈવ સૌને મદદરૂપ થનારા
નાનાથી મોટા સર્વેની કાળજી લેનારા,
સહજતાથી સર્વે કાર્યો ઉમંગ, હોંશથી પાર પાડનારા,
આવા અમારા માયાણી પરિવારના યુવાધન ચોમેર સુવાસ મહેકાવી ગયા.
આપનો દિવ્ય આત્મા મોક્ષ પદને પામે એવી પ્રભુ પાસે પ્રાર્થના.
પરિવારજનો પર આવેલ અણધારી વિષાદની ઘડીઓમાં
સહભાગી થઈ સાંત્વના પાઠવીએ છીએ.

જય માતાજી ગ્રુપ

ગડા માયાણી સચ્ચા માતા ભાવિક મંડળ - રાયણ

(CLC-0256)

NEEL PARI - 9322293742

પરમ મિત્રની વસમી વિદાય

રાયણ — પરેલ

અરિહંત શરણ : તા. ૫ ઓક્ટોબર ૨૦૨૦

ઉમર ૪૫ વર્ષ

હૈયુ અમારુ રડે છે આજ..

શખેશ્વર મહાતીર્થ માસીક યાત્રાના અમારા સહભાગી એવા **નિખીલ (રાજુ) મહેન્દ્ર ગડા (શાહ)** ૪૫ વર્ષની યુવાન વયે અરિહંત શરણ પામ્યા...શાંત સ્વભાવ, સૌને માટે કંઈક કરી છૂટવાની ભાવના... કાયદાકીય જ્ઞાનની સારી સુઝબુઝથી સૌને સહાયરૂપ.. નિષ્કામ નિષ્ઠાથી હસતે મુખે સેવા આપવી એ તેમનો મહાસદગુણ હતો... અમારા મિત્ર પરિવારમાંથી એક સન્માનીય વ્યક્તિત્વ વિદાય લઈ ગયું. અને સૌના હૈયાને રડાવી ગયું. અને આ અધુરી ખોટ અમને કદીયે નહી પુરાય. અમારા હૈયા આજ મુકવેદના સાથે ઉંડી દીલસોજી વ્યક્ત કરે છે અને ઈશ્વરને પ્રાર્થના કરે છે કે અમારા પ્રિય મિત્ર નિખિલના આત્માને ચિર શાંતી આપજો. એમના પરિવારજનોને આવી પડેલા દુઃખને સહન કરવાની શક્તિ આપજો.

અશ્રુભીની આંખે અમારા દિલગીરી ભર્યાવંદન...

શૈલેષ રતનશી ગોગરી–નાના ભાડીયા/લાલબાગ
ડો. જીગ્નેશ નેમજી દેઢીયા–નાની ખાખર/લાલબાગ
ભચુ ખીમજી કક્કા–વાંકી/લાલબાગ–પરેલ
રોશન કલ્યાણજી હરીયા–બાડા/લાલબાગ
મનીષ હરખચંદ છેડા–ફરાદી/પરેલ ભોઈવાડા
રાજેશ હરીલાલ કુરીયા–નાના રતાડીયા/લાલબાગ
ભદ્રેશ નરશી મામણીયા–રામાણીયા/લાલબાગ
દીપેશ રતીલાલ સાવલા–મોટા આસંબીયા/લાલબાગ
મુલચંદ શામજી છેડા–વાંકી/પરેલ વિલેજ
વિજય લાલજી ગડા–બાડા/કાંદીવલી
ભાવેશ દામજી કારાણી–નારાણપર/માટુંગા

(CLC-0232)

પ્રથમ પુણ્યતિથીએ ભાવભીના શ્રધ્ધાના સુમન

શ્રી નવીનભાઈ ઠાકરશી નથુ છેડા

ગામઃ બગડા ❁ હાલેઃ ભાયખલા (ઈ) અરિહંત શરણ તા. ૮/૧૦/૨૦૧૯



પળે પળે તમારી ગેરહાજરીનો
અહેસાસ થાય છે,
હતા જયારે સાથે ત્યારની
વાતો યાદ આવે છે,
હસી - ખુશી અને મીઠી ગોષ્ઠીઓની
એ પળો યાદ આવે છે,
દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસ્તો ચહેરો,
સ્મૃતિમાં હજુએ સંભળાય છે
તમારી યાદો ના રણકાર.

જીવનમાં પ્રબળ પુરૂષાર્થ, સ્વભાવમાં સરળતા, વાણીમાં વાત્સલ્યતા; આસ્થા, અનુકંપા ને આત્મીયતા. " સ્મૃતિના ચંદરવામાં અંકાયુ છે આપનું જીવન "

લી : તમને હરઘડી યાદ કરનાર

ઠાકરશી નથુ છેડા પરિવાર

(CLC-0234)

Tasveer 8322227339

કચ્છ : દેશલપુર (કંઠી) | ગુણાનુવાદ સભા રાખેલ નથી | મુંબઈ : પરેલ

અનશનવ્રતધારી લીલાવંતીબેન હેમચંદ ગાલા - ઉં.વ. ૭૨

તપસ્વી આત્માનું ૪૭માં ઉપવાસે તા.૫-૧૦-૨૦ ના મોક્ષ માર્ગે પ્રયાણ

અજ્ઞાની જીવો મૃત્યુથી ડરે છે, જ્ઞાનીજનો મૃત્યુના કારણરૂપ જન્મથી ડરે છે,
તેથી અજન્મા બનવાનો સમ્યક પુરૂષાર્થ કરે છે.
બુધ્ધિમાન, ધૈર્યવાન વ્યકિતઓ એવી રીતે મરે છે કે હવે પછી ફરી ફરી મરવુ જ ન પડે.
એવો પુરૂષાર્થ કરનાર રત્નકુક્ષી લીલાવંતીબેનને કોટી કોટી વંદન.

સાસુ-સસરા : માતુશ્રી જેવુબાઈ દામજી નેણશી ગાલા દેશલપુર (કંઠી)
માતા-પિતા : માતુશ્રી દેવકાંબેન ધારશી મોનજી સંગોઈ મોટી ખાખર
પતિ : શ્રી હેમચંદ દામજી નેણશી ગાલા દેશલપુર (કંઠી)

પુત્ર-પુત્રવધુ
રશ્મિ લીતેશ હેમચંદ ગાલા દેશલપુર (કંઠી)
પુત્રી-જમાઈ
ભાવના વિરેન રમણીકલાલ વીરા સાડાઉ
પૌત્ર
પાર્થ લીતેશ હેમચંદ ગાલા દેશલપુર (કંઠી)
દોહિત્રી
નિધી વિરેન રમણીકલાલ વીરા સાડાઉ
કીષા વિરેન રમણીકલાલ વીરા સાડાઉ
દિયર-દેરાણી
રંજનબેન નવીન દામજી ગાલા દેશલપુર (કંઠી)
નણંદ-નણંદોઈ
ભાનુબેન પોપટલાલ રણશી શાહ નાની ખાખર
ભત્રીજી-ભત્રીજી વર
સેજલ મેહુલ ધનજી વોરા નવીનાળ
ભત્રીજી
નીરાલી દેશલપુર (કંઠી)
ભાણેજ-ભાણેજ વહુ
શોભના વિજય પોપટલાલ શાહ નાની ખાખર
ભાણેજી-ભાણેજી વર
ભારતી પ્રફુલ હીરજી કેનીયા બારોઈ
ભત્રીજી પુત્રી
મેઘા મેહુલ ધનજી વોરા નવીનાળ
વૃષ્ટિ મેહુલ ધનજી વોરા નવીનાળ
ભાણેજ પુત્રી-જમાઈ
રિધ્ધી દિવ્યેશ મહેન્દ્ર શાહ (સાયણી) મેરાઉ
ભાણેજી પુત્ર-પુત્રવધુ
સુચિતા કેયુર પ્રફુલ કેનીયા બારોઈ
નીતી નંદીશ પ્રફુલ કેનીયા બારોઈ
કાકાઈ સાસુ-સસરા
મોંઘીબાઈ લાલજી નેણશી ગાલા દેશલપુર (કંઠી)
કાકાઈ દિયર-દેરાણી
ઉર્મિલા પંકજ લાલજી ગાલા દેશલપુર (કંઠી)
હેમલતા પ્રદીપ લાલજી ગાલા દેશલપુર (કંઠી)
મીના મુકેશ લાલજી ગાલા દેશલપુર (કંઠી)
જ્યોતિ કમલેશ લાલજી ગાલા દેશલપુર (કંઠી)

કાકાઈ નણંદ-નણંદોઈ
મીતા મહેન્દ્ર નાનજી સંગોઈ ભુજપુર
કુઈયાઈ સાસુ-સસરા
કેસરબાઈ ઉમરશી ખીમજી નંદુ મોટી ખાખર
કુઈયાઈ નણંદ-નણંદોઈ
ગુણવંતી વસનજી લાલન કોડાય
હેમકુંવર હેમચંદ શીવજી સાવલા તલવાણા
દમયંતી રતનશી દેવજી ગાલા ડેપા
પ્રેમીલા વિનયચંદ લાલજી વીરા કારાઘોઘા
મંજુલા નરેન્દ્ર મેઘજી નંદુ કાંડાગરા
મધુ નવીનચંદ્ર વેલજી લાલન કોડાય
મામાઈ સાસુ-સસરા
દેવકાંબેન લખમશી નેણશી વીરા દેશલપુર (કંઠી)
મામાઈ દિયર-દેરાણી
વિમળા જયંતિલાલ લખમશી વીરા દેશલપુર (કંઠી)
દમયંતી હિંમતલાલ લખમશી વીરા દેશલપુર (કંઠી)
ભારતી હીરાલાલ લખમશી વીરા દેશલપુર (કંઠી)
ઉષા વસંત લખમશી વીરા દેશલપુર (કંઠી)
હસમુખ લખમશી નેણશી વીરા દેશલપુર (કંઠી)
તારા મનસુખ લખમશી વીરા દેશલપુર (કંઠી)
મામાઈ નણંદ-નણંદોઈ
વીણા પંકજ ગાલા વડાલા
મેના અશ્વિન વોરા બગડા
માસીયાઈ સાસુ-સસરા
જેતબાઈ પોપટલાલ રામજી શાહ ભુજપુર
પાનબાઈ હીરજી નેણશી ગેલડા
લક્ષ્મીબેન શામજી ઉમરશી મોતા બારોઈ
કુંવરબાઈ કલ્યાણજી લખમશી છેડા તુંબડી
મણીબાઈ દિનેશ શામજી સાવલા વાંકી
માસીયાઈ દેર-દેરાણી
પ્રેમલતા કાંતિલાલ શામજી મોતા બારોઈ
નલીની અરવિંદ શામજી મોતા બારોઈ
રંજન હરીશ કલ્યાણજી છેડા તુંબડી

માસીયાઈ નણંદ-નણંદોઈ
સુશીલા દિલીપ રમણીક શેઠિયા પ્રાગપુર
લતા હરખચંદ કેશવજી શાહ બેરાજા
હેમલતા પ્રદીપ દેવચંદ સાવલા રાયણ
ગીતા હિમાંશુ કેશવજી બૌઆ તુંબડી
મયુરી દિનેશ શામજી સાવલા વાંકી
આરતી દિનેશ શામજી સાવલા વાંકી
ગુંજન દિનેશ શામજી સાવલા વાંકી
કાજલ અમિતાભ ઐયર મુંબઈ
પિયર પક્ષ
દાદા-દાદી
વેજબાઈ મોનજી પચાણ સંગોઈ મોટી ખાખર
ભાઈ-ભાભી
ચંદ્રલતાબેન લક્ષ્મીચંદ ધારશી સંગોઈ મોટી ખાખર
ભત્રીજા-ભત્રીજા વહુ
અંજલી કિરણ લક્ષ્મીચંદ સંગોઈ મોટી ખાખર
નીતા નયન લક્ષ્મીચંદ સંગોઈ મોટી ખાખર
બેન-બનેવી
હીરબાઈ (પ્રભાબેન) પ્રેમજી શામજી સૈયા ગેલડા
ચંચળબેન પોપટલાલ પ્રેમજી દેઢિયા બેરાજા
શાંતાબેન રમણીકલાલ કુંવરજી વીરા દેશલપુર (કંઠી)
હેમલતાબેન લક્ષ્મીચંદ રવજી સૈયા ગેલડા
ભાણેજ-ભાણેજ વહુ
ભારતી ભરત પ્રેમજી સૈયા ગેલડા
નીતા કીરીટ પ્રેમજી સૈયા ગેલડા
નીના હરેશ પોપટલાલ દેઢિયા બેરાજા
નયના અનિલ પોપટલાલ દેઢિયા બેરાજા
હીના બિપીન રમણીકલાલ વીરા દેશલપુર (કંઠી)
અમીષા રાજેશ રમણીકલાલ વીરા દેશલપુર (કંઠી)
પ્રીતી જયેશ રમણીકલાલ વીરા દેશલપુર (કંઠી)
પૂર્વી વિશાલ લક્ષ્મીચંદ સૈયા ગેલડા

ભાણેજી-ભાણેજી વર
ભારતી નવીન માવજી કેનીયા બારોઈ
કુસુમ પ્રકાશ પ્રેમજી વિસરીયા રતાડીયા
ચેતના પ્રવીણ કાનજી વોરા કારાઘોઘા
બીજલ જીગર કાન્તીલાલ ગાલા છસરા
મોટા મા-બાપા
ભાણબાઈ ખેતશી મોનજી સંગોઈ મોટી ખાખર
કાકા-કાકી
પાનબાઈ દેવરાજ મોનજી સંગોઈ મોટી ખાખર
કુઈ-કુઆ
તેજબાઈ ખીમજી ગણપત શેઠીયા કારાઘોઘા
મામા-મામી
લખમીબેન વેલજી લધા માડ ડેપા
માસી-માસા
લક્ષ્મીબેન લીલાધર મેઘજી સંગોઈ મોટી ખાખર
ગંગાબેન ખીમજી ગેલા શાંભીયા રામાણીયા
કુંવરબાઈ કુંગરશી ઉમરશી ગાલા મોટી ખાખર
વેવાણ-વેવાઈ
હેમલતાબેન રમણીકલાલ લીલાધર વીરા સાડાઉ
દમયંતીબેન મનસુખલાલ રતનશી સોની લુણી
અમૃતબેન ધનજી તેજશી વોરા નવીનાળ
પરમ સ્નેહી
સરલાબેન શાંતિલાલ સોની દેશલપુર (કંઠી)
જયેશ શાંતિલાલ વીરા દેશલપુર (કંઠી)
મુકેશ શાંતિલાલ સોની દેશલપુર (કંઠી)
વિજ્યાબેન મનસુખલાલ દેઢિયા દેશલપુર (કંઠી)
કમળાબેન સેવંતીલાલ દેઢિયા મોટી ખાખર
શાંતિલાલ પ્રેમજી સોની દેશલપુર (કંઠી)
વિજયભાઈ ભારાણી દેશલપુર (કંઠી)
ખારી ફરીયાના સર્વે ગામાઈ ભાઈ-બહેનો
ઋણ સ્વીકાર
દેશલપુર કંઠી આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
દેશલપુર કંઠી આઠ કોટી નાની પક્ષ ટ્રસ્ટી-અધિકારી ગણ
દેશલપુર કંઠી જૈન મહાજન
ગાલા ભાવિક સંઘ

વર્તમાન પરિસ્થિતિને અનુસરી ગુણાનુવાદ સભા રાખેલ નથી
સદ્‌ગત આત્માની શાંતિ અર્થે બાર નવકાર ગણવા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.
ઉપરોકત સંબંધીઓના નામમાં કોઈનું નામ રહી ગયું હોય કે ભૂલચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્

નિવાસ : લીતેશ હેમચંદ ગાલા
૧/૪, સારસ્વત સદન બિલ્ડીંગ, કે.ઈ.એમ. હૉસ્પિટલ રોડ
કે.ઈ.એમ. હૉસ્પિટલની સામે, પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૨

લિતેશ - 9821564319, નવીનભાઈ - 9820689772, ભાવના - 9619450055

(CLA-0260)
DRESSBERRY (HINDMATA - DADAR)

॥ પ્રગટ પ્રભાવી શ્રી મુનિસુવ્રત-વાસુપૂજ્ય સ્વામિને નમઃ ॥
નમો નમઃ શ્રી ગુરુ ગૌતમ-સુધર્મા-આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરુતુંગ-ધર્મમૂર્તિ
કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ॥

શ્રી નાલાસોપારા સ્ટેશન અચલગચ્છ જૈન સંઘ
સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ

પરમધર્મની કેવી પાવન પરંપરા,
ક્રમે ક્રમે સંભળાય ગચ્છ ગુરુધુરા,
સદા સર્વત્ર શાસનપ્રભાવના સૂરા,
કલાપ્રભસાગરસૂરિ સૌને લાગે મધુરા...

સમજશક્તિ...

સહનશક્તિ...

સ્વભાવિકી સુઝબુઝ...

સકારાત્મક વિચાર...

સત્યપુણ્ય...

સૌને સાથે લઈ ચાલવાની સૌજન્યવૃત્તિ...

સાહિત્ય સર્જનનો શોખ....

સાદગીભર્યું જીવન...

સતત પ્રવૃત્તિમય જીવન અને શ્રેષ્ઠ આચાર-વિચારની સર્વોત્કર્ષક સંપત્તિ...

આવા કેટલાય શ્રેષ્ઠ **સ** ના સરવાળે...

ગુડ ટુ બેટર ટુ બેટર ટુ બેસ્ટ બનતાં બનતાં...
અપ ટુ ટોપ આઈ હેવ નોટ ટુ સ્ટોપના સક્રિયપણે...
મુનિપદથી ગચ્છનાયકપદે પહોંચેલ આપશ્રીને
અમારા સંઘ તરફથી અંતઃકરણપૂર્વકના અભિનંદન...વંદન...

ગચ્છના હે મહારાજા,

રહેજો સદા સાજા તાજા... સુકૃતો સર્જો ઝાઝા ઝાઝા,
નાલાસોપારામાં શિખરબધ્ધ જિનાલયની અંજનશલાકાના
અને સર્વત્ર વગાડજો શાસન પ્રભાવનાના વાજા...

આપના આશિર્વાદો અમારા સંઘ પર હંમેશા રહ્યા છે
અને રહેશે...એ અમોને વિશ્વાસ છે..

અમારા સંઘની છે બે આશ...
આપ નિશ્રાએ અંજનપ્રતિષ્ઠાને ચાતુર્માસ...



: લિ. :
ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો

(CLB-0240)

BINITA S. MARU - 9869034162

દ્વિતિય પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી...

શ્રી અરવીંદભાઈ
મગનલાલ રવજી મારૂ

ગામ : ત્રગડી (સંભવપુર)

જન્મ : ૨૭-૧૨-૧૯૫૨
અરિહંતશરણ : તા. ૦૮-૧૦-૨૦૧૮

હાલ : સાંતાક્રુઝ (ઈસ્ટ)



જેમની વાણીના મધુપાત્રમાંથી સ્નેહ-વાત્સલ્યના સ્પંદનો છલકાતાં હતા,
આદરભાવ, આતિથ્યભાવ અને પરોપકારની ભાવના
એમના અવિભાજય અંગ હતાં.
સત્કાર્યોથી માનવ દેહને અજવાળનારા પરિવારના પ્રેરણામૂર્તિ
પૂજય વડીલશ્રીને કોટી કોટી વંદન સહ
શ્રધ્ધા સુમન અર્પણ...

(CLC-0237)

લિ.
ધર્મપત્ની : ચંદનબેન અરવિંદ મારૂ
પુત્ર-પુત્રવધુ : ફાલ્ગુની ધર્મેશ મારૂ
પુત્રી-જમાઈ : અવની અનિષ છેડા (ગોધરા-હૈદ્રાબાદ)
પૌત્ર-પૌત્રી : રચિત, ધીતી દોહીત્ર : મનન
તથા સમસ્ત મારૂ પરિવાર

UPASANA - 9820167767

શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ

ઉપાશ્રય હંસાસાગર, E - 3/૪, ગોવર્ધન નગર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦. ફોન : ૯૮૯૨૨૮૦૭૬૮

શ્રી સંઘના કર્મનિષ્ઠ ટ્રસ્ટીશ્રીને ભાવપૂર્ણ
સ્મરણાંજલી

ગામ જખૌ

હાલે મુલુંડ

શ્રી કિશોરભાઈ ગોવિંદજી કાયાણી

શ્રી કિશોરભાઈ ધર્મપરાયણ અને કુશળ વહીવટકર્તા હતા.
શ્રી સંઘની સ્થાપના અને બંધારણ ઘડવામાં અમુલ્ય ફાળો આપનાર,
કાયદાકીય ગુંચ ઉકેલવામાં નિપુણ એવા શ્રી કિશોરભાઈની વિદાયથી
શ્રી સંઘને ન પૂરાય એવી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે
અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

લિ. : શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ - ટ્રસ્ટીઓ

રાજેશ વશનજી છેડા (મોટા આસંબીયા)
રાયચંદ નરશી દંડ (સાંઘવ)
હિતેશ દામજી દેઢીયા (બિદડા)
તથા કારોબારી સભ્યો

(CLB-0211)

BIMITA - 9869034162

અનુમોદના.. અનુમોદના.. અનુમોદના
મોક્ષધામી - ધર્મનિષ્ઠ - ૩૮ દિવસના અનશનવૃત કરી
ભવસાગર તરી જનાર અમારા મામાઇ બહેન
મામાઇ તથા કાકાઇ માસીને.. કોટી કોટી વંદન

કચ્છ મુન્દ્રા

૩૮ માં ઉપવાસે

શ્રીમતી નિર્મળાબેન હરીલાલ શાહ

દેવોને પણ દુર્લભ એવા માનવ ભવ અને જૈન ધર્મને પામનાર આપે, ઊંડા ધર્મભાવ થકી ૮૪ લાખ
જીવાયોનીની ક્ષમાપના સંગે,મહાવીર ચિંધ્યા રાહે ચાલી, નિજ આત્માના કલ્યાણાર્થે
અનશન આરાધી, '૩૮' ઉપવાસ કરીને સમાધિપૂર્વક આ ભવના ફેરાને પુર્ણ કરેલ છે.
હે અનશનવ્રતધારી ''બેન'' તમારા ચરણોમાં કોટી કોટી વંદન...

(CLC-0230)

લિ.
કુઆઇ ભાઇ-ભાભી :
શ્રીમતી કાંતાબેન જયંતીલાલ ખીમજી છેડા (કપાયા-હૈદ્રાબાદ)
કુઆઇ ભાણેજ-ભાણેજ વહુ :
શ્રીમતી ભાનુ નરેન્દ્ર દેવશી વોરા (મુન્દ્રા-હૈદ્રાબાદ)
શ્રીમતી સરલા મહેન્દ્ર દેવશી વોરા (મુન્દ્રા-હૈદ્રાબાદ)
શ્રીમતી સરોજ નિતીન જાદવજી ગાલા (લાખાપુર-હૈદ્રાબાદ)
શ્રીમતી રીટા જીતેન્દ્ર જાદવજી ગાલા (લાખાપુર-હૈદ્રાબાદ)
મીના મુકેશ જાદવજી ગાલા (લાખાપુર-હૈદ્રાબાદ)
કાકાઇ ભાણેજ-ભાણેજ પત્ની :
શ્રીમતી પિનલ સુનીલ કાંતીલાલ છેડા (રતાડીયા ગ.-હૈદ્રાબાદ)

દેશ વિદેશ કુરિયર ૨૪*૭

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઈઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ, તથા બીજા આફ્રિકન દેશોમાં documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ ઈમ્પોર્ટરો માટે Sample / Freight Economic/ Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો – Vacuum Packing Available. Free Pick Up Service PAC n DELIVER T – 48932230, M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(3) -------- **(B-0160)(16-1)**

હસ્તીના પુર યાત્રાનો આનંદ અપાર
૧૩/૨નાં જસુ ત્યારે ભક્તિનો વૈભવ અપાર

સૂરિશ્વરોની આજ્ઞા આશિષે ગત વર્ષે દાદા આદીનાથને શ્રેયાંસનાથે જ્યાં ઈક્ષુરસનાં પારણા કરાવ્યા એ પવિત્ર ભૂમિ ઉપર ગયા વર્ષે જે યાત્રા પ્રવાસ મુલત્વી રહેલ તે યાત્રા ફેબ્રુઆરી ૨૦૨૧નાં ૧૩/૨નાં પ્રયાણ થશે અને ૨૫/૨/૨૧નાં મુંબઈ ૧૩ દિવસનાં ભક્તિ પ્રવાસ નકરો ચૌદ હજાર રૂા. હતો નવાને પ્રવેશ આ વખતે નથી ફક્ત જુના યાત્રીકો માટે આ યાત્રા પ્રવાસ છે. પુછપરછ કિરણ : 9029273970 બધાએ શ્રી આદીનાથાય નમો નમઃનો પોતાની અનુકુળતાએ જાપ કરવો. લી. ચન્દ્રપ્રભ જિન આરાધના મંડળ વતી પ્રમુખ કિરણ વેરશી ગડા.

2/1/1(15) -------- **(A-0246)(16-2)**

શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર

સર્વોદય કેન્દ્ર ભોજનશાળા જણાવતા આનંદ થાય છે કે આપણી ભોજનશાળા ચાલુ થઈ ગઈ છે. શુધ્ધ, સાત્વીક તથા સ્વાદિષ્ટ ભોજન ક.વિ.ઓ. તથા અન્ય ભાઈઓ માટે પાર્સલ સેવા ચાલુ થઈ ગયેલ છે. સમય સવારના ૧૧.૩૦ થી ૨.૦૦ સાંજના ૭.૩૦ થી ૯ સુધી ચાલુ રાખેલ છે. સમાજના તથા અન્ય ભાઈઓને સૌએ લાભ લેવા વિનંતી. છુટક રોજના ૬૦/- રવિવારે મિષ્ઠાન ભોજન પાર્સલના ૮૦/- લિ. મહેશ ડુંગરશી મોતા, પ્રવિણ ગણપત સંગોઈ માનદ્ મંત્રીઓ.

2/1/1(9) -------- **(A-0239)(16-3)**

ગ્રેનાઈટ-કંપોજીટ મારબલ-ક્વાર્ટઝ સ્ટોન ભાંડુપ – ગ્રેનાઈટ પોઈન્ટ – ભાંડુપ

સમગ્ર કચ્છી સમાજમાં ગ્રેનાઈટ ક્ષેત્રે જુનુ નામ.

- એશીયન કું. ના (A.G.L.) કંપોજીટ મારબલ અને ક્વાર્ટઝ સ્ટોનનો રેડી સ્ટોક.
- ઈટાલીયન ગ્રેનાઈટ 20 mm (G) માં તમારી સાઈઝ પ્રમાણે કટીંગ કરીને મળશે. બ્લુપર્લ, બ્લેક પર્લ, બ્રાઉન પર્લ.
- નેનો વાઈટ G/4 કટીંગ સાથે મોલ્ડીંગની સુવિધા.
- વોર્ડરોબ, કીચન કબાટનાં સેલ્ફ પ્લેટફોર્મ વીન્ડો નીચે નાખવા સ્પોટેડમારબલ (15mm/20mm)
- પ્રમાણીકતા સાથે વ્યાજબી ભાવ, કટીંગ, પોલીસ, મોલ્ડીંગની સુવિધા.
- કચ્છી સમાજના ઈન્ટીરીયર, આર્કીટેકટ તથા વપરાશકર્તાઓને એકવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.
- સંપર્ક : નેમચંદ છેડા-લાયજા/મો. ૯૮૨૧૦૧૪૪૮૧, જગદીશ છેડા-લાયજા/મો. ૯૮૨૧૮૨૬૩૬૯. ગ્રેનાઈટ પોઈન્ટ-ભાંડુપ.

4/1/1(5) -------- **(B-0231)(16-4)**

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.